# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૯ તા.૦૨-૦૬-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- "કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩" અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા અંગે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ "કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ પ્રવેશોત્સવ કાર્યક્રમ"નું આયોજન તા.૧૨,૧૩ અને ૧૪ જૂન-૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું છે. "કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩" અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઝોન કક્ષાની સ્પર્ધા તા.૦૬-૦૬-૨૦૨૩ના રોજ જે-તે ઝોનમાં કરવામાં આવશે આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલ વિદ્યાર્થીને ટાગોર હૉલ, પાલડી ખાતે તા.૦૭-૦૬-૨૦૨૩ના રોજ સવારે ૮-૦૦ કલાકે શહેર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે. શહેરકક્ષાની સ્પર્ધામાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલ વિદ્યાર્થીઓને અનુક્રમે રૂ.૨૫૦૧/-, રૂ.૨૦૦૧/- અને રૂ.૧૫૦૧/- પુરસ્કાર આપવામાં આવશે.

સ્પર્ધાનો વિષય : ૧. મારૂ શહેર સ્વચ્છ શહેર
૨. હું સ્વચ્છતાનો બ્રાંડ એમ્બેસેડર
૩. સ્વચ્છ અમદાવાદમાં મારો ફાળો
૪. સ્વચ્છતા અને આરોગ્ય
૫. સ્વચ્છતા ત્યાં પ્રભુતા
૬. ચોખ્ખુ હશે શહેર... લોકો કરશે લહેર....

ઝોન કક્ષાની સ્પર્ધા : તા.૦૬-૦૬-૨૦૨૩
શહેર કક્ષાની સ્પર્ધા : તા.૦૭-૦૬-૨૦૨૩ , ટાગોર હૉલ , પાલડી

**વક્તૃત્વ સ્પર્ધા :-**

- સ્પર્ધકે વધુમાં વધુ ૩૦૦ શબ્દમાં મૌલિક વક્તવ્ય આપવાનું રહેશે.
- ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી કોઈપણ ભાષામાં વક્તવ્ય આપવાનું રહેશે.
- સ્પર્ધકને ૩ મિનિટનો સમય આપવામાં આવશે.

**ચિત્ર સ્પર્ધા :-**

- ઉકત વિષય પૈકી કોઈએક વિષય પર ચિત્ર દોરવાનું રહેશે.
- સ્પર્ધા માટેની જરૂરી સામગ્રી અત્રેથી આપવામાં આવશે.
- સ્પર્ધાનો સમય ૧ કલાકનો રહેશે.

**"કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩' અંગેની વિશેષ સૂચનાઓ**

૧. ધો.૧ ધરાવતી શાળાના બેંક એકાઉન્ટમાં સરકારશ્રી તરફથી રૂ.૫૦૦/- તથા સ્કૂલ બોર્ડ તરફથી રૂ.૨૦૦૦/- મળી કુલ રૂ.૨૫૦૦/-ની ગ્રાન્ટ પ્રવેશોત્સવ ઉજવણી સંદર્ભે જમા કરાવવામાં આવશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨. તમારી શાળાના આસપાસના પોકેટ વિસ્તારમાં બાલવાટિકા અને ધો.૧માં પ્રવેશપાત્ર ૧૦૦% બાળકોના નામાંકનની પ્રક્રિયા પ્રવેશોત્સવ કાર્યક્રમ પહેલા પૂર્ણ કરવી.

૩. શાળાની મહાસફાઈ શાળા શરૂ થવાના પ્રથમ દિવસ એટલે કે તા.૦૫-૦૬-૨૦૨૩ પહેલા પૂર્ણ કરવી.

૪. શાળામાં પ્રવેશોત્સવના કાર્યક્રમનું આયોજન શાળા વ્યવસ્થાપન સમિતિના સંકલનમાં રહી વાલીઓ અને લોકોને પ્રવેશોત્સવની તારીખ અને સમય જણાવવા. વધુમાં વધુ વાલીઓ ઉપસ્થિત રહે તેવું આયોજન કરવું.

૫. પ્રવેશ આપેલ તમામ બાળકોને ત્રણ દિવસમાં સીટીએસ(ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ) ડેટા બેઝમાં એન્ટ્રી કરવી.

૬. ધો.૧માં પ્રવેશ પામતા વિદ્યાર્થીઓ માટે વિદ્યા પ્રવેશ સ્કૂલ રેડીનેશ પ્રોગ્રામ કાર્યક્રમ કરાવવો.

૭. શાળાના તમામ વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો પ્રવેશોત્સવ પહેલા આપવા.

૮. નવા સત્રથી નિયમિત રીતે બાળકો તથા શિક્ષકોની ઓનલાઈન હાજરી ભરવી.

૯. પ્રવેશોત્સવ કાર્યક્રમનું સંચાલન એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની દ્વારા કરાવવું.

૧૦. પરિપત્ર નં. ૧૮ તા.૩૧-૦૫-૨૦૨૩નાં સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા મુજબ શાળા પ્રવેશોત્સવની કાર્યક્રમ સૂચિ (મીનીટ ટુ મીનીટ) મુજબ ઉજવણી કરવી.

૧૧. ધો.૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં કટ ઓફ માર્કસ કરતા વધુ માર્કસ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ તથા અગાઉના વર્ષોમાં ૧૦૦% હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ તેમજ છેલ્લા વર્ષમાં શૈક્ષણિક અને સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવું.

૧૨. યોગથી નિરોગી, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો,પાણી બચાવો, વૃક્ષારોપણ, જમીન સુધારણા, વ્યસનમુક્તિ, પ્રાકૃતિક ખેતી વગેરે વિષય પર પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાળકોના વકતવ્ય ગોઠવવા.

૧૩. પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓને ફુલ, ગુલાબ, પાંદડીના બદલે બાળક દ્વારા પુસ્તક આપી સ્વાગત કરવું.

૧૪. પ્રવેશ પામતા બાળકોના ડ્રેસ ઉપર તેમના નામનું બેઈઝ લગાવવું તેમજ પ્રવેશ પામતા વિદ્યાર્થીઓને આપવાના પાઠયપુસ્તકો ઉપર નામનું સ્ટીકર લગાવવું.

૧૫. પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાલક્ષ્મી બોન્ડ ધરાવતી કન્યાઓને પાકતી મુદતના બોન્ડની રકમના ચેકનું વિતરણ કરવું.

૧૬. આંગણવાડીના બાળકોને સુખડી સાથે કેળા, ચીકુ, સફરજન, દ્રાક્ષ જેવા ફળો લોકભાગીદારીથી આપવા તથા દાન અને લોકફાળો આપનાર દાતાઓ, સહકારી સંસ્થાઓ કે સ્વૈચ્છિક સંસ્થાઓનું સન્માન કરવું.

૧૭. સ્વચ્છતાના સ્લોગનો અને કચરાના સેગ્રીગેશન અને ડોર ટુ ડોર વાહનમાં કચરો આપવાની જાણકારી અંગેના પ્લેકાર્ડ સાથે શાળાના પોકેટ એરિયામાં પ્રથમ દિવસ પ્રભાતફેરી કરવી.

૧૮. ‘કલીન-ગ્રીન અમદાવાદ’ કેમ્પેઈના સર્વે ફોર્મ વિદ્યાર્થીઓ દ્વારા ભરાવીને શાળા શરૂ થયાના પાંચ દિવસમાં મદદનીશ શાસનાકારીને પહોંચતા કરવા.

આ ઉપરાંત પરિપત્ર નં. ૧૮ તા.૩૧-૦૫-૨૦૨૩માં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે ‘‘કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩’’નું સુચારૂ આયોજન કરવું

તા.૦૨-૦૬-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી